બિન સરકારી માધ્યમિક શાળાઓના શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક કર્મચારીઓની જન્મ તારીખમાં સુધારો.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
પરિપત્ર ક્રમાંક: બમશ-૧૦૦૨-૨૮૬૨-ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:- 2 SEP

<u>વંચાણે લીધા:-</u>

૧. સામાન્ય વહીવટ વિભાગનો તા. ૨૭.૧.૧૯૯૮ નો ઠરાવ ક્ર: આરટીઆર-૧૦૯૭-૩૧૪-ક
૨. આ વિભાગનો ઠરાવ ક્રમાંક: બમશ-૧૨૮૦-૪૪૧૫-ગ, તા. ૬.૧.૯૦.
૩. આ વિભાગનો પરિપત્ર ક્રમાંક: બમશ-૧૨૯૯-૭૨૭-ગ, તા. ૬.૪.૯૯

<u>પરિપત્ર</u> :-

રાજયની બિન સરકારી માધ્યમિક શાળાઓના શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક કર્મચારીઓની જન્મ તારીખ સુધારવા માટેની સૂચનાઓ ઉકત વંચાણે લીધેલ ઠરાવ / પરિપત્રોથી બહાર પાડવામાં આવેલ છે. જન્મ તારીખ સુધારવા અંગેની સામાન્ય વહીવટ વિભાગની સ્થાયી સૂચનાઓ મુજબ નોકરીની શરુઆતના પાંચ વર્ષની સમયમર્યાદામાં જ જન્મ તારીખ સુધારવા માટે વાજબી કારણો હોય તો નિયમોનુસાર રજુઆત કરવાની રહે છે. નોકરીમાં દાખલ થયાના પાંચ વર્ષમાં જન્મ તારીખ સુધારવા માટે કોઇ નકકર કારણો હોય તો અથવા તો સેવાપોથીમાં કોઇ કલેરીકલ ભુલના કારણે જન્મ તારીખ સુધારવાની થતી હોય તો તે અંગે સામાન્ય વહીવટ વિભાગ દ્વારા નકકી થયેલ નિયમો અને પરિશિષ્ટ મુજબ દરખાસ્ત કરવાની રહે છે આ સિવાયના કિસ્સામાં જન્મ તારીખ સુધારવા સરકારમાં દરખાસ્ત કરવી નહીં તેવી સ્પષ્ટ જોગવાઇ હોવા છતાં તેનું પાલન થતું હોય તેમ જણાતું નથી અને તેનો ભંગ થતો હોય તેવું સરકારશ્રીના ધ્યાને આવેલ હોવાથી તેના નિવારણ માટે સામાન્ય વહીવટ વિભાગની વખતોવખતની સૂચનાઓ તથા આ વિભાગા ઉકત ઠરાવોથી બહાર પાડવામાં આવેલ સૂચનાઓ અમલી રહે તે રીતે પુનઃ નીચે મુજબ વધારાની સૂચનાઓ પાઠવવામાં આવે છે.

૧. રાજયની બિન સરકારી માધ્યમિક શાળાઓના શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક કર્મચારી તરીકે ફરજ બજાવતા તમામે તા. ૩૧.૧૦.૨૦૦૫ સુધીમાં તેઓના જન્મના દાખલા, શાળા છોડયાનું પ્રમાણપત્ર, એસ.એસ.સી. પ્રમાણપત્ર અને સેવાપોથીમાં નોંધાયેલ જન્મ તારીખ એક જ હોવાની બાબતે પરિશિષ્ટ- ૧ મુજબ બાંહેધરી આપવાની રહેશે.

૨. સંબંધિત શાળાના આચાર્યએ તેઓની શાળાના તમામ શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક કર્મચારીઓ પાસેથી નિયત નમુનામાં બાંહેધરી મેળવવામાં આવેલ છે અને સેવાપોથીમાં અને જન્મના દાખલાને આધારે નોંધાયેલ જન્મ તારીખ બરાબર માલુમ પડેલ છે તે મતલબનું પ્રમાણપત્ર નિયત નમુના પરિશિષ્ટ- ૨ મુજબ આપવાનું રહેશે.

૩. જીલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા પણ જે તે જીલ્લામાં આવેલ બિન સરકારી માધ્યમિક શાળાઓના શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક કર્મચારીઓના જન્મ તારીખના કિસ્સામાં પૂરતી ચકાસણી કરવામાં આવે તે માટે જીલ્લા શિક્ષણાધિકારીની કચેરીના એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર કે શાળાઓની વહીવટી કામગીરીનું ઇન્સ્પેકશન કરનાર સંબંધિત અધિકારીએ પરિશિષ્ટ- ૨ નીચે જણાવેલ પ્રમાણપત્ર આપવાનું રહેશે અને તેની એક નકલ અસલ સેવાપોથીમાં તથા કર્મચારી પાસે રાખવામાં આવતી ડુપ્લીકેટ સેવાપોથીમાં લગાવવાની રહેશે અને એક નકલ જીલ્લા શિક્ષણાધિકારીની કચેરીમાં રાખવાની રહેશે.

૪. જન્મ તારીખ બાબતે ઉકત સૂચનાઓ મુજબની કામગીરી તા. ૩૧.૧૨.૨૦૦૫ સુધીમાં પૂર્ણ કરવામાં આવે તે માટે તમામ જીલ્લા શિક્ષણાધિકારીની કચેરીને સૂચિત કરવામાં આવે છે અને આ માટે જરુરી સૂચનાઓ શાળાઓને આપવા અને તેનું નિયત સમયમર્યાદામાં પાલન થાય તે જોવા આથી જણાવવામાં આવે છે. આ સમયમર્યાદામાં કાર્યવાહી પૂર્ણ થયેલ છે કે કેમ તેની ચકાસણી વાર્ષિક ઓડીટની કામગીરી વખતે કમિશ્નરશ્રી, શાળાઓની કચેરીની ઓડીટ ટીમે કરવાની રહેશે અને જે કિસ્સાઓમાં આ મતલબની કામગીરી પૂર્ણ થયેલ ન હોય તેનો અહેવાલ કમિશ્નરશ્રી, શાળાઓને રજુ કરવાનો રહેશે અને તેની જાણ વિભાગને પણ કરવાની રહેશે.

૫. તારીખ ૩૧.૧૨.૨૦૦૫ પછી જન્મ તારીખ સુધારતા સબબ રજુઆત થાય ત્યારે જન્મ તારીખ સબબ ઉકત સૂચનાઓ મુજબનું સંબંધિત કર્મચારીનું બાંહેધરી પત્રક, આચાર્યનું પ્રમાણપત્ર અને જીલ્લા શિક્ષણાધિકારીની કચેરીએ આપવાના થતા પ્રમાણપત્રની વિગતો આવેલ દરખાસ્ત સાથે રજુ નહીં થાય તો તે માટે જીલ્લા શિક્ષણાધિકારીની કચેરીને જવાબદાર ગણી સંબંધિત સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

૬. કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી દ્વારા વિભાગને જયારે જન્મ તારીખ સુધારવા દરખાસ્ત રજુ કરવામાં આવે ત્યારે ઉકત સૂચનાઓનું પાલન થયેલ છે કે કેમ? તેની ચકાસણી કરી પ્રમાણિત કરવાનું રહેશે અને યોગ્ય જણાય તો જ દરખાસ્ત વિભાગને રજુ કરવાની રહેશે.

૭. નવી નિમણૂંકની બહાલી માટેની દરખાસ્તો જયારે જીલ્લા શિક્ષણાધિકારીની કચેરીને મળે ત્યારે શાળા દ્વારા રજુ કરવામાં આવેલ દરખાસ્ત સાથે, શાળામાં પ્રથમ નિમણૂંક હુકમ આપતી વખતે સંબંધિત કર્મચારી પાસેથી તેઓની જન્મ તારીખ બાબતે પૂરતી બાંહેધરી મેળવવામાં આવેલ છે તે, અને મળેલ બાંહેધરી મુજબ જ, તેઓના જન્મના દાખલા, શાળા છોડયાના પ્રમાણપત્ર, એસ.એસ.સી. પ્રમાણપત્ર અને સેવાપોથીમાં નોંધાયેલ જન્મ તારીખ એક જ છે તે અંગેની ચકાસણી જે તે શાળાના આચાર્યએ કરેલ છે તે અંગેના પ્રમાણપત્ર સાથે દરખાસ્ત રજુ કરવાની જોગવાઇ દાખલ કરવાની રહેશે. જીલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા જયારે બહાલીના હુકમો કરવામાં આવે ત્યારે નવું કોલમ ઉંમેરી તેમાં આ બાબતનો યથાયોગ્ય ઉલ્લેખ કરવાનો રહેશે.

૮. જ્યારે કોઇ વિવાદ કે પ્રશ્ન ઉપસ્થિત થાય ત્યારે જન્મ તારીખ સુધારવા રાબબની મૂળ નીતિ સામાન્ય વહીવટ વિભાગની હોવાથી વખતોવખત બહાર પાડવામાં આવેલ તે વિભાગના ઠરાવો અને તદઅન્વયે આ વિભાગે બહાર પાડેલ ઠરાવોની જોગવાઇઓ પણ લક્ષમાં લેવાની રહેશે.

ઉકત સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવા તેમજ તેની જાણ સંબંધિતોને કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

12 SEP 2005

( મનહર આર. ચૌધરી )
સેકશન અધિકારી,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજના અને શાળાઓની કચેરી, ગાંધીનગર.
- સામાન્ય વહીવટ વિભાગ, ક શાખા, સચિવાલય, ગાંધીનગર.
- તમામ જીલ્લા શિક્ષણાધિકારીશ્રી ( સંબંધકર્તા તમામ સંસ્થાને જાણ કરવા તેમજ અમલ કરવા માટે )
- સર્વે ટ્રિબ્યુનલશ્રીઓ.
- સીલેક્ટ ફાઇલ.